# Std 11 Gujarati Textbook Solutions Chapter 7 ગવતરી

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ગવતરી શબ્દ કોના માટે પ્રયોજાયો છે?**

ઉત્તરઃ

ગવતરી શબ્દ કામધેનુ માટે પ્રયોજાયો છે.

**પ્રશ્ન 2. ગવતરીનું અવતરણ ક્યાંથી થયું છે?**

ઉત્તરઃ

ગવતરીનું અવતરણ સ્વર્ગલોકથી થયું છે.

**પ્રશ્ન 3. વાઘે ગાયને શું કહ્યું?**

ઉત્તરઃ

વાઘે ગાયને કહ્યું કે હું સામે આવેલા ખોરાકને છોડતો નથી.

**પ્રશ્ન 4. વાછરડાએ માનું દૂધ શાથી ન પીધું?**

ઉત્તરઃ

વાછરડાને માનું દૂધ કડવા લીંબડા જેવું લાગ્યું તેથી ન પીધું.

**2. નીચેના દરેક પ્રશ્નના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. ગાયે વાઘને શી વિનંતી કરી?**

ઉત્તર :

ગાયે વાઘને પોતાનાં ભૂખ્યાં વાછરડાંને ધવડાવવા જવા દેવાની વિનંતી કરી અને ચંદ્ર ઊગતાં પહેલાં પાછા આવવાનું વચન આપ્યું.

**પ્રશ્ન 2. ગાય વાછરડાઓને શું કહ્યું?**

ઉત્તરઃ ગાય વાછરડાંઓને કહ્યું, “ઊઠો ઊઠો વાછરડાં! માનાં દૂધ ધાવી લો. વીરા વાઘને આપેલો સમય થઈ ગયો છે.”

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**પ્રશ્ન 3. વાછરડાઓએ વાઘને શું કહ્યું?**

ઉત્તર :

વાછરડાંઓએ વાઘને કહ્યું, "ઊઠો ઊઠો વાઘમામા! પહેલાં અમને મારો, પછી અમારી માતને મારો."

**પ્રશ્ન 4. વાઘે વાછરડાઓને શી હૈયાધારણ આપી?**

ઉત્તરઃ

વાઘે વાછરડાંઓને હૈયાધારણા આપતાં કહ્યું, "વાછરડાં, તમે લીલાલહેર કરો. મુશ્કેલ સમયે મને સંભારજો. હું તમને મદદ કરીશ."

**3. નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો :**

**પ્રશ્ન 1. આ લોકગીતનું કથાવસ્તુ તમારા શબ્દોમાં વર્ણવો.**

ઉત્તર :

સ્વર્ગલોકમાંથી કામધેનુ ગાય પૃથ્વીલોકમાં આનંદથી ફરવા માટે આવે છે. તે ડુંગરે ચરે છે અને ગંગાએ પાણી પીવે છે. દરમિયાન તે વાઘની નજરે ચડે છે. વાઘ તેને જણાવે છે કે સામે આવેલો શિકાર તે જવા દેતો નથી.

કામધેનુ વાઘને "વીરા' સંબોધનથી વિનંતી કરતાં જણાવે છે કે ઘરે મારાં ભૂખ્યાં વાછરડાં મારી રાહ જોઈ રહ્યાં છે. હું મારાં વાછરડાંને ધવડાવીને ચંદ્ર ઊગે ત્યાં સુધીમાં આવી જઈશ. હું તને બાવા નંદજીની આણ આપું છું. હું તને ચાંદા-સૂરજની સાક્ષી આપું છું.

વાઘને કામધેનુ ગાય પર વિશ્વાસ આવે છે. તે કામધેનુને જવા દે છે.

કામધેનુ ભાંભરતી ભોંભરતી આવે છે ને પોતાનાં વાછરડાને ભેટીને કહે છે કે વાછરડાં તમે જલદી ઊઠો. માનું દૂધ ધાવી લો. મારે વાઘમામાને આપેલા વચન પ્રમાણે જલદી પાછા જવાનું છે.

વાછરડાં કામધેનુની વાત સાંભળી માને ધાવતાં નથી. તેઓ મા સાથે વાઘમામા પાસે જવા તૈયાર થઈ જાય છે. આગળ વાછરડાં અને પાછળ કામધેનુ ચાલતાં ચાલતાં વનમાં આવીને ઊભાં રહે છે. તેઓ વાઘમામાને કહે છે કે તમે પહેલાં અમને મારો અને પછી અમારી માતાને મારો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કામધેનુ ગાયની સત્યનિષ્ઠા અને વચનપાલન તેમજ વાછરડાંનો માતૃપ્રેમ જોઈને વાઘનું દિલ પીગળે છે. તે કહે છે કે તમને આવું કોણે શીખવ્યું? તમને આવી વાણી કયા દુશ્મને આપી?

વાછરડાં કહે છે કે રામે અમને શીખવ્યું, લક્ષ્મણે અમને ભોળવ્યાં અને અર્જુને અમને વાચા આપી. આમ, અમે શાસ્ત્રમાંથી સત્યપાલન શીખ્યાં છીએ.

વાછરડાંનો જવાબ સાંભળીને વાઘ ખુશ થાય છે. તે વાછરડાંને લીલાલહેર કરવાનું કહે છે અને તેઓને મુશ્કેલ સમયમાં મદદ કરવાનું વચન આપે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in